આજની મેચ (ચોથી ક્વાર્ટર ફાઇનલ) | આર્જેન્ટીના vs સ્વિટ્ઝર્લેન્ડ, સવારે 6.30 વાગ્યે

બેલ્જિયમને હરાવી સ્પેન 16 વર્ષ બાદ વર્લ્ડકપની સેમિફાઇનલમાં

મેચની 88મી મિનિટે 'સુપર-સબ' મેરિનોએ વિજયી ગોલ કરતા સ્પેન 2-1થી જીત્યું

ઈંગ્લીવુડ (અમેરિકા), તા. 11 (એપી): શુક્રવારની મધ્યરાત્રીએ રમાયેલી વર્લ્ડકપ ક્વાર્ટર ફાઈનલમાં મિકેલ મેરિનોના શાનદાર પ્રદર્શનની મદદથી સ્પેને બેલ્જિયમને 2-1થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે, જ્યાં હવે તેનો સામનો મજબૂત પ્રતિસ્પર્ધી ફ્રાન્સ સામે થશે.

ચાર દિવસ પહેલાં પોર્ટુગલ સામે ઈન્જરી ટાઈમમાં ગોલ કરનાર મેરિનો આ મેચમાં પણ સ્પેનનો હીરો સાબિત થયો હતો. 86મી મિનિટે સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં આવેલા મેરિનોએ માત્ર બીજી જ ટચમાં, 88મી મિનિટે બેલ્જિયમના બેકઅપ ગોલકીપરની ભૂલનો ફાયદો ઉઠાવીને વિજયી ગોલ કર્યો હતો. સ્પેન તરફથી ફેબિયન રુઇઝે 30મી મિનિટે પ્રથમ ગોલ કર્યો હતો, પરંતુ 41મી મિનિટે બેલ્જિયમના ચાર્લ્સ ડી કેટેલેરેએ ગોલ કરીને સ્કોર 1-1 થી બરાબર કરી દીધો હતો. આ હાર સાથે બેલ્જિયમની સતત 18 મેચોની અજેય સફરનો અંત આવ્યો છે. બીજી તરફ, સ્પેન માર્ચ 2023થી સતત 37 મેચોથી અજેય રહ્યું છે. આ જીત સાથે સ્પેને 2010માં વર્લ્ડકપ જીત્યા બાદ પ્રથમ વખત સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે.

મેચના રસપ્રદ આંકડા અને બનાવ

» ઐતિહાસિક ગોલ રેકોર્ડ: મિકેલ મેરિનોએ પોતાના કરિયરના પ્રથમ વર્લ્ડકપમાં જ અંતિમ મિનિટોમાં મેદાન પર ઉતરી બે વિજયી ગોલ નોંધાવ્યા છે અને તે ટીમ માટે સુપર-સબ સાબિત થયો છે. ચાર દિવસ પહેલાં તેણે પોર્ટુગલ સામેની નોકઆઉટ મેચમાં ઈન્જરી ટાઈમમાં ગોલ કરી સ્પેનને જીત અપાવી હતી.

» ગોલકીપરનો વર્લ્ડ કપ રેકોર્ડ: સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોને કતાર વર્લ્ડકપથી લઈને અત્યાર સુધી સતત 650 મિનિટ સુધી એક પણ ગોલ ન ખાવાનો વર્લ્ડકપ રેકોર્ડ બનાવ્યો હતો, જે આ મેચમાં બેલ્જિયમે ગોલ કરતાં તૂટ્યો હતો. સ્પેને આ વર્લ્ડકપમાં પ્રથમ વખત ગોલ ખાધો હતો.

» બેલ્જિયમનો કેપ્ટન યુરી ટિલેમાન્સ મેચ શરૂ થાય તે પહેલાં જ વોર્મ-અપ દરમિયાન ઇજાગ્રસ્ત થતાં તેને ટીમની બહાર બેસવું પડ્યું હતું. આ ઉપરાંત, બેલ્જિયમનો મુખ્ય ગોલકીપર થિબાઉત કોર્ટોઈસ મેચ દરમિયાન ઇજાગ્રસ્ત થતાં રડતી આંખે મેદાનની બહાર ગયો હતો. તેની જગ્યાએ આવેલા યુવા ગોલકીપર સેને લેમેન્સની ભૂલ સ્પેન માટે વરદાન સાબિત થઈ હતી.

મોનાકો ડાયમંડ લીગ: સર્વેશ કુશારે ડેબ્યૂમાં જ ત્રીજું સ્થાન મેળવ્યું

કુશારે ડાયમંડ લીગમાં ટોપ-3માં સ્થાન મેળવનાર પ્રથમ હાઈ જમ્પર બન્યો

ઉપરાંત તે આ ટુર્નામેન્ટના ટોપ-3માં સ્થાન મેળવનારો ચોથો ભારતીય એથ્લીટ બન્યો

સ્પર્ધામાં કુશારેએ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટોને હરાવ્યા

મોનેકો, તા. 10 (પીટીઆઈ): મોનાકોમાં યોજાયેલી પ્રતિષ્ઠિત ડાયમંડ લીગમાં પોતાના ડેબ્યૂમાં જ ભારતના નેશનલ રેકોર્ડ ધારક હાઈ જમ્પર સર્વેશ કુશારેએ ત્રીજું સ્થાન મેળવીને એક ખાસ ક્લબમાં સામેલ થયો છે.

31 વર્ષીય કુશારેએ 2.26 મીટરનો શાનદાર કૂદકો લગાવીને આ સિદ્ધિ મેળવી છે, જેની સાથે તે ડાયમંડ લીગના ઇતિહાસમાં ટોપ-3માં સ્થાન મેળવનાર ભારતનો માત્ર ચોથો એથ્લીટ બન્યો છે. આ ઉપરાંત તે આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં પોડિયમ ફિનિશ (ટોપ-3) કરનારો ભારતનો સર્વપ્રથમ હાઈ જમ્પર બન્યો છે.

ડાયમંડ લીગના ટોપ-3માં સ્થાન મેળવનારા ભારતીય ખેલાડીઓ

1. નીરજ ચોપરા	(જેવલિન થ્રો)
2. મુરલી શ્રીશંકર	(લોન્ગ જમ્પ)
3. વિકાસ ગૌડા	(ભૂતપૂર્વ ડિસ્કસ થ્રોઅર)
4. સર્વેશ કુશારે	(હાઈ જમ્પ)

આ ઇવેન્ટમાં તેણે ટોક્યો ઓલિમ્પિકના ગોલ્ડ મેડલિસ્ટ મુતાઝ એસા બરશિમ અને ગિયાનમાર્કો તામ્બેરી જેવા વિશ્વના દિગ્ગજ ખેલાડીઓને હરાવ્યા હતા, જ્યારે યુક્રેનના ઓલેહ દોરોશચુકે 2.32 મીટર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બ્રિટનના જેક કિમાનીએ 2.30 મીટરનો કુદકો લગાવીને બીજું સ્થાન મેળવ્યું હતું.

આ શાનદાર પ્રદર્શન કરનારા સર્વેશ કુશારેએ ગયા મહિને 27 જૂને ભારતમાં યોજાયેલી નેશનલ ઇન્ટર-સ્ટેટ ચેમ્પિયનશિપમાં 2.31 મીટરનો કૂદકો લગાવીને તેજસ્વિન શંકરનો 8 વર્ષ જૂનો 2.29 મીટરનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો અને તે 2.30 મીટરની ઊંચાઈ પાર કરનાર ભારતનો પ્રથમ હાઈ જમ્પર બન્યો હતો. આ અગાઉ ગયા વર્ષે ટોક્યોમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પણ તે પુરુષોની હાઈ જમ્પ ફાઈનલ માટે ક્વોલિફાય થનારો ભારતનો સૌપ્રથમ ખેલાડી બન્યો હતો. ચાલુ સિઝનમાં તે એશિયાનો નંબર વન એથ્લીટ તરીકે ઉભરી આવ્યો છે.

ઈંગ્લેન્ડે ભારત સામે બનાવ્યો 257 રનનો વિશાળ સ્કોર

બટલરની તોફાની સદી અને બ્રુકના 95 રન

બટલર અને બ્રુકની 233 રનની ભાગીદારી T20 આંતરરાષ્ટ્રીયમાં કોઈપણ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારી

જો ભારત હારે તો તેનું ICC T20 રેન્કિંગમાં ટોચનું સ્થાન જોખમમાં

સાઉથમ્પટન, તા. 11 (પીટીઆઈ): સાઉથમ્પટન ખાતે રમાયેલી પાંચમી T20 મેચમાં જોસ બટલરે માત્ર 64 બોલમાં 131 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જેને કેપ્ટન હેરી બ્રુકના અણનમ 95 રનનો શાનદાર સાથ મળ્યો હતો. આ બંને બેટર્સની તોફાની રમતને કારણે ઈંગ્લેન્ડે ભારત સામે 3 વિકેટે 257 રનનો રેકોર્ડ સ્કોર ખડક્યો છે.

કાર્યવાહક કેપ્ટન શ્રેયસ અય્યરે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી અને પ્રસિદ્ધ કૃષ્ણાએ ફિલ સોલ્ટને વહેલો આઉટ કરીને સફળતા અપાવી હતી, પરંતુ તે પછી ભારતીય બોલિંગ લાઈન-અપ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ હતી.

આ મેચમાં જીત મેળવીને ઈંગ્લેન્ડ હવે T20 રેન્કિંગમાં ભારતના છેલ્લા 1601 દિવસના શાસનનો અંત લાવવા તરફ આગળ વધી રહ્યું છે.

બટલર અને બ્રુકે બીજી વિકેટ માટે 233 રનની ધમાકેદાર ભાગીદારી કરી હતી, જે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં કોઈપણ વિકેટ માટેની સૌથી મોટી ભાગીદારીનો નવો રેકોર્ડ છે.

35 વર્ષીય બટલરે કરિયરની બીજી T20 સદી ફટકારી હતી. તેણે પ્રથમ 50 રન 34 બોલમાં કર્યા બાદ આગામી 50 રન માત્ર 17 બોલમાં જ ઝૂડી કાઢ્યા હતા. તેની ઈનિંગમાં 12 ચોગ્ગા અને 8 છગ્ગા સામેલ હતા.

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
સોલ્ટ કો શેગડે બો પ્રસિદ્ધ	6	9	1	0
બટલર કો ઐયર બો દુબે	131	64	12	8
બ્રુક અણનમ	95	45	4	8
બેથેલ કો તિલક બો દુબે	0	1	0	0
જેક્સ અણન્	7	2	0	1
વધારાના	18			
કુલ 20 ઓવરમાં 3 વિકેટે	257 રન			

વિકેટ પતન: 1-8, 2-241, 3-241

બોલિંગ :	O	M	R	W
અર્શદીપ સિંહ	4	0	33	0
પ્રસિદ્ધ કૃષ્ણ	4	0	38	1
પ્રિન્સ યાદવ	4	0	60	0
અક્ષર પટેલ	4	0	63	0
સૂર્યવંશ શેગડે	3	0	39	0
શિવમ દુબે	1	0	22	2

ટીમ ઈન્ડિયા ટ્રાફિક જામમાં ફસાતા ટોસ 45 મિનિટ મોડો થયો

સાઉથમ્પટન, તા. 11 (પીટીઆઈ): સાઉથમ્પટનના રોઝ બાઉલ સ્ટેડિયમ બહાર સર્જાયેલા ભારે ટ્રાફિક જામના કારણે ભારતીય ક્રિકેટ ટીમની બસ સમયસર ન પહોંચી શકતા શનિવારે પાંચમી T20 મેચનો ટોસ નિયત સમય કરતાં 45 મિનિટ મોડો થયો હતો. ભારતીય ખેલાડીઓ અને હેડ કોચ ગૌતમ ગંભીર સહિતનો સપોર્ટ સ્ટાફ રસ્તામાં જ ફસાઈ જતાં સત્તાવાળાઓએ ટોસનો સમય લંબાવવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયા ટ્રાફિકમાં ફસાઈ છે તેની પુષ્ટિ કોમેન્ટેટર રવિ શાસ્ત્રીએ લાઈવ પ્રસારણ દરમિયાન પણ કરી હતી. 45 મિનિટના વિલંબ બાદ ટોસ સાંજે 7:15 વાગ્યે થયો હતો અને મેચ 7:30 વાગ્યે શરૂ થઈ હતી. સ્ટેડિયમની બહાર મેચના દિવસે અવારનવાર ટ્રાફિકની આવી સમસ્યા સર્જાતી હોવાથી આ મેદાન અગાઉ પણ ટીકાઓનો ભોગ બની ચૂક્યું છે.

આર્ચરી વર્લ્ડકપ: 17 વર્ષીય પ્રીથિકાએ જીત્યો બ્રોન્ઝ

પ્રીથિકાએ વિશ્વમાં 11મા નંબરની તુર્કીની ખેલાડીને હરાવી

પ્રીથિકાએ એક જ ટૂર્નામેન્ટમાં ટીમ સિલ્વર અને વ્યક્તિગત બ્રોન્ઝ જીતી ડબલ સિદ્ધિ મેળવી

મેડ્રીડ, તા. 11 (પીટીઆઈ): મેડ્રિડમાં યોજાયેલા આર્ચરી વર્લ્ડકપ સ્ટેજ-4માં ભારતની 17 વર્ષીય કમ્પાઉન્ડ તીરંદાજ પ્રીથિકા પ્રદીપે શાનદાર વાપસી કરીને ઈતિહાસ રચ્યો છે. પ્રીથિકાએ રોમાંચક મુકાબલામાં તુર્કીની વિશ્વમાં 11મા નંબરની તીરંદાજ હાઝલ બુરુનને 145-142થી હરાવીને પોતાની કારકિર્દીનો સૌપ્રથમ વ્યક્તિગત વર્લ્ડકપ મેડલ (બ્રોન્ઝ) જીત્યો છે.

આ મેચમાં તે શરૂઆતમાં પાછળ ચાલી રહી હતી, પરંતુ અમેરિકન કોચ ડેવ કઝિન્સના માર્ગદર્શન હેઠળ તેણે અદ્ભુત સંયમ રાખીને છેલ્લી ઘડીએ પરફેક્ટ 10-રિંગ કૂદકો લગાવી વિજય મેળવ્યો હતો.

આ મેડલ સાથે પ્રીથિકાએ ટૂર્નામેન્ટમાં બેવડી સિદ્ધિ (ડબલ) પૂર્ણ કરી છે, કારણ કે આ પહેલાં તેણે મહિલા કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. ટીમ ફાઈનલમાં ભારતનો કોલંબિયા સામે 228-232થી પરાજય થયો હતો અને ટીમે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. આ ફાઈનલમાં અનુભવી જ્યોતિ સુરેખા વેન્નમ અને ચિકિથા તાનિપર્થી લય મેળવવા માટે ઝઝૂમતી જોવા મળી હતી, જ્યારે પ્રીથિકાએ સતત 10 પોઈન્ટ મેળવીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ભારતે કમ્પાઉન્ડ કેટેગરીમાં બે મેડલ સાથે પોતાની સફર પૂરી કરી છે.

લોર્ડ્સ ટેસ્ટ: ક્રાંતિ ગૌડની ઘાતક બોલિંગ, ઈંગ્લેન્ડની ટીમ 170 રનમાં ઓલઆઉટ

ક્રાંતિ ગૌડે કરિયરમાં પ્રથમ વખત ઝડપી 5 વિકેટ

બીજા દિવસે ચા સુધી ઈંગ્લેન્ડ પર ભારતે મેળવી 145 રનની મજબૂત સરસાઈ

લંડન, તા. 11 (પીટીઆઈ): ફાસ્ટ બોલર ક્રાંતિ ગૌડે રેડ-બોલ ક્રિકેટમાં પ્રથમ વખત પાંચ વિકેટ (5/37) ઝડપીને ઈંગ્લેન્ડને માત્ર 170 રનમાં સમેટી લીધું છે. આ શાનદાર બોલિંગના જોરે ભારતે એકમાત્ર મહિલા ટેસ્ટ મેચના બીજા દિવસે ચાના સમય સુધીમાં મેચ પર પૂરું નિયંત્રણ મેળવી લીધું છે.

પ્રથમ ઈનિંગ્સના આધારે ભારતે 115 રનની સરસાઈ મેળવી હતી, જે બીજા દિવસના બીજા સત્રના અંતે વિના વિકેટે 30 રન બનાવીને કુલ 145 રન સુધી પહોંચાડી દીધી છે. અત્યારે સ્મૃતિ મંધાના 10 અને શેફાલી વર્મા 14 રને રમી રહી છે.

મેચમાં ઈંગ્લેન્ડ તરફથી કેપ્ટન નેટ સાઈવર-બ્રન્ટ (44) અને એમી જોન્સે (52) પાંચમી વિકેટ માટે 84 રનની મજબૂત ભાગીદારી કરીને ભારતીય બોલરોનો પ્રતિકાર કર્યો હતો. જોન્સે 59 બોલમાં પોતાની ટેસ્ટ કરિયરની બીજી ફિફ્ટી પૂરી કરી હતી. જોકે, ક્રાંતિ ગૌડના ઘાતક સ્પેલ સામે ઈંગ્લેન્ડની ટીમ બીજા સત્રમાં માત્ર 33 રનમાં 5 વિકેટ ગુમાવીને પડી ભાંગી હતી. ક્રાંતિએ માઈયા બાઉચિયર અને એલિસ કેપ્સી જેવા મુખ્ય બેટર્સને આઉટ કરીને ઈંગ્લેન્ડની કમર તોડી નાખી હતી. તેને સાથ આપતા સ્પિનર સ્નેહ રાણા અને પેસર સાયલી સતઘારેએ પણ બે-બે વિકેટ ઝડપી હતી.

ટીમ ઈન્ડિયાના ફિલ્ડિંગ કોચ ટી. દિલીપની વિદાય નક્કી, મોર્કેલ અને રાયનનો કાર્યકાળ લંબાવાશે

ઈંગ્લેન્ડના પ્રવર્તમાન વ્હાઇટ બોલ પ્રવાસ બાદ ગૌતમ ગંભીરના સપોર્ટ સ્ટાફનો બે વર્ષનો કરાર થશે પૂર્ણ

તાજેતરમાં ફિલ્ડિંગના કથળેલા સ્તરને કારણે BCCI નવો ચહેરો લાવવા ઉત્સુક

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): હેડ કોચ ગૌતમ ગંભીરના સપોર્ટ સ્ટાફનો બે વર્ષનો કરાર ઈંગ્લેન્ડના વર્તમાન મર્યાદિત ઓવરોની શ્રેણીના પ્રવાસ બાદ સમાપ્ત થઈ રહ્યો છે, જેમાં ફિલ્ડિંગ કોચ ટી. દિલીપને વધુ એક્સટેન્શન મળવાની સંભાવના નહિવત છે.

રાહુલ દ્રવિડના કાર્યકાળથી જોડાયેલા દિલીપ ખેલાડીઓમાં ખૂબ લોકપ્રિય રહ્યા છે. દરેક મેચ બાદ ડ્રેસિંગ રૂમમાં ઉત્સાહ વધારતા ભાષણો અને 'બેસ્ટ ફિલ્ડર મેડલ' આપવાની તેમની પરંપરા માટે તેઓ હંમેશાં યાદ રહેશે. 2024ના T20 વર્લ્ડકપ બાદ માત્ર તેઓ જ ટીમ સાથે ચાલુ રહ્યા હતા અને 2025ની ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ તેમને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું હતું. જોકે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ભારતીય ફિલ્ડિંગના સ્તરમાં આવેલા ઘટાડાને પગલે BCCI હવે આ પદ પર ફેરફાર કરવા માગે છે.

બીજી તરફ, ફાસ્ટ બોલિંગ કોચ મોર્ને મોર્કેલ અને આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોશેટના કરારમાં પણ એક્સટેન્શનની જોગવાઈ છે અને BCCI આ જોડીને યથાવત રાખવા ઈચ્છે છે. મોર્કેલના માર્ગદર્શન હેઠળ ભારતીય બોલિંગ આક્રમણે છેલ્લા બે વર્ષમાં સારું પ્રદર્શન કર્યું છે.

અનુસંધાન ... પાના પહેલાનું

હવામાનનો પલટો: ...

વરસાદ ન થવાની આશંકા વ્યક્ત કરી છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લાના સિરોબગઢમાં ભૂસ્ખલનને કારણે લગભગ 7 કલાક સુધી બંધ રહ્યા બાદ, શનિવારે બદ્રીનાથ હાઈવેને વાહનોની અવરજવર માટે ફરીથી ખોલી દેવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશના ભાગોમાં મધ્યમથી ભારે વસરાદ થયો હતો જ્યારે યુપીમાં સામાન્ય વરસાદ થયો હતો. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. શનિવારે રાજસ્થાનના કેટલાક ભાગોમાં તેજ પવન ફૂંકાયો અને કેટલીક જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ થયો. અહેવાલો અનુસાર, રાજ્યમાં સૌથી વધુ વરસાદ ચુરુ જિલ્લાના રાજગઢ/સાદુલપુરમાં 55 મીમી નોંધાયો હતો. રાજ્યમાં સૌથી વધુ તાપમાન શ્રીગંગાનગરમાં 42 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે સૌથી ઓછું તાપમાન સિરોહીમાં 21 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

અમેરિકા-ઈરાન ...

ઈરાન દ્વારા પણ મધ્ય પૂર્વના દેશોને નિશાન બનાવીને જવાબી હુમલા કરવામાં આવ્યા હતા. ટ્રમ્પે શુક્રવારે 'ટ્રુથ સોશિયલ' પર યુદ્ધવિરામ સમાપ્ત થયાની જાહેરાત કરી હતી પરંતુ કહ્યું હતું કે યુએસ વાટાઘાટો ચાલુ રાખશે. પ્રાદેશિક હુમલાઓ વચ્ચે ઈરાની અધિકારીઓને મળવા માટે કતારના મધ્યસ્થોએ અલગથી ઈરાનની મુલાકાત લીધી હતી, જેના એક દિવસ બાદ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાગચી વધુ ચર્ચા માટે શનિવારે ઓમાન ગયા હતા.

અમેરિકી અધિકારીઓએ પત્રકારોને એમ પણ જણાવ્યું હતું કે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગેના કોઈપણ કરાર માટે તેહરાને તેના અત્યંત સંવર્ધિત યુરેનિયમનો જથ્થો સોંપવો પડશે. આ એવી બાબત છે જેનો ઈરાન વારંવાર ઈનકાર કરતું આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જો યુએસ ઈરાન સાથે તેના પરમાણુ પદાર્થો સોંપવા અંગે કોઈ કરાર પર નહીં પહોંચે, તો તેની પાસે સૈન્ય વિકલ્પો છે જે એ સુનિશ્ચિત કરશે કે આ સામગ્રી હંમેશા માટે ભૂગર્ભમાં દફન થઈ જાય. જો કે, તેમણે તે વિકલ્પોની વિગતો આપી ન હતી.

હિઝબુલના કમાન્ડર ...

તેમ જ ભારત લાવવા (પ્રત્યાર્પણ) માટે કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં મદદ કરશે. આ કેસ, જે શરૂઆતમાં સોપોરના તારઝૂ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો, તેને ૨૦૨૪માં એસઆઈએ કાશ્મીરમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. ઝીણવટપૂર્વક પુરાવા એકત્રિત કરવા અને તેનું વિશ્લેષણ કરવા, સાક્ષીઓની પૂછપરછ અને કાવતરાના પુનઃનિર્માણ પછી, એસઆઈએ કાશ્મીરે સફળતાપૂર્વક તપાસ પૂર્ણ કરી, નવા પુરાવાઓના આધારે વધુ ગુનાઓ ઉમેર્યા અને જુલાઈ ૨૦૨૪માં છ આરોપીઓ વિરુદ્ધ સક્ષમ ટ્રાયલ કોર્ટ સમક્ષ વ્યાપક ચાર્જશીટ દાખલ કરી હતી.

વાસી અને એક્સપાયર્ડ ...

એ ઉલ્લેખ કર્યો છે કે, 'હેલ્થિફાય 100% વ્હી પ્રોટીન ૧ કિલો' અને 'નોઈસ હોમસ્ટાઈલ મદ્રાસ મિક્સચર વિથ પીનટ્સ' તેમની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયા પછી પણ સપ્લાય કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. રિપોર્ટ અનુસાર, 'અક્ષયકલ્પ ઓર્ગેનિક એગ' એક્સપાયર્ડ, સડેલા, દુર્ગંધ મારતા મળી આવ્યા હતા. તેવી જ રીતે, એક ગ્રાહકને મોકલાયેલા 'કાકે દા પરોઠા' બગડેલા અને દુર્ગંધ મારતા હોવાનું જાણવા મળ્યું હતું. FSSAIએ જણાવ્યું હતું કે કેટલીક ફરિયાદોમાં ઈન્સ્ટામાર્ટ દ્વારા દૂષિત ઈંડા અને બગડેલું દૂધ તેમજ ક્ષતિગ્રસ્ત પેકેજ્ડ ફૂડમાં આઈટમ્સની ડિલિવરી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એક કિસ્સામાં શિશુ આહાર અત્યંત ખરાબ અને અસુરક્ષિત સ્થિતિમાં જોવા મળ્યો હતો, જેમાં દૂષિત થવાના તેમજ અયોગ્ય સ્ટોરેજ અને હેન્ડલિંગના ચિહ્નો દેખાતા હતા. આ પ્રોડક્ટ પરત કરવામાં આવી હોવા છતાં, કથિત રીતે તેને ફરીથી સપ્લાય કરવામાં આવી હતી. ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર કેટલાક એવા સપ્લાયરો પણ જણાયા છે જેમના લાયસન્સો ખોટા છે કે પછી છે જ નહીં.

ભારત-ન્યૂઝીલેન્ડ ...

આગામી ચાર વર્ષમાં સંબંધોને વિસ્તારવા માટેનો રોડમેપ, ભારત-પ્રશાંત(ઈન્ડો-પેસિફિક) દરિયાઈ સહયોગ વધારવા માટેનું માળખું અને ભારતીય નૌકાદળ તેમજ ન્યુઝીલેન્ડ ડિફેન્સ ફોર્સ વચ્ચે પરસ્પર લોજિસ્ટિક્સ સપોર્ટ કરારનો સમાવેશ થાય છે. વાતચીત બાદ મોદીએ કહ્યું, અમે અમારા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલવાનો નિર્ણય કર્યો છે. અમે સ્પષ્ટ લક્ષ્યો અને નક્કર પરિણામો સાથે દરેક ક્ષેત્રમાં આગળ વધીશું. એક સંયુક્ત નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે મોદી અને લક્સને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પર વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું અને મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ ક્ષેત્ર માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની જાળવણીના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે, બંને વડાપ્રધાનોએ આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને દરિયાઈ કાયદા પરના 1982ના સંયુક્ત રાષ્ટ્રના સંમેલન(UNCLOS) અનુસાર વહાણવટા અને ઉપરથી ઉડ્ડયનની સ્વતંત્રતા તેમજ સમુદ્રના અન્ય કાયદેસરના ઉપયોગો માટે આહ્વાન કર્યું હતું. ઈન્ડો-પેસિફિકમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાના ભાગરૂપે, બંને પક્ષો સહયોગ, સંકલન અને માહિતીના આદાનપ્રદાનને મજબૂત કરવા માટે દરિયાઈ સુરક્ષા સંવાદ સ્થાપિત કરવા માટે પણ સંમત થયા હતા.

મોદી ગઈકાલે રાત્રે ઓકલેન્ડ પહોંચ્યા હતા, જે તેમની ત્રણ દેશોની મુલાકાતનો ત્રીજો અને અંતિમ તબક્કો છે. આ મુલાકાત મુખ્યત્વે આ ક્ષેત્રમાં ચીનની વધતી જતી આક્રમકતાની પૃષ્ઠભૂમિ વચ્ચે ઈન્ડો-પેસિફિકમાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતી. બંને વડાપ્રધાનો માલસામાન અને સેવાઓમાં દ્વિપક્ષીય દ્વિમાર્ગી વેપારને બમણો કરીને 7 બિલિયન ન્યુઝીલેન્ડ ડોલર અથવા આશરે 35,000 કરોડ સુધી પહોંચાડવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય પર કામ કરવા સંમત થયા હતા. તેમણે મુક્ત વેપાર કરારનો વહેલી તકે અમલ સુનિશ્ચિત કરવા માટે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તેમણે શિપિંગ પરના કોઈપણ નિયંત્રણોનો વિરોધ કરવાની સાથે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા વહાણવટાની સ્વતંત્રતા અને વૈશ્વિક વાણિજ્ય પ્રવાહને સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવા હાકલ કરી હતી.

આતંકવાદના મામલે શૂન્ય સહિષ્ણુતાની બંને વડાપ્રધાનોની હાકલ

ભારત-ન્યૂઝીલેન્ડના વડાપ્રધાનો આતંકવાદના મુદ્દે સમાન તરંગ લંબાઈ પર જણાયા હતા. બંને નેતાઓએ સરહદ પારના આતંકવાદ સહિત તમામ સ્વરૂપોમાં આતંકવાદની આકરી નિંદા કરી હતી. બંને નેતાઓએ ગયા વર્ષે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને લાલ કિલ્લા નજીક થયેલી આતંકવાદી ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ હુમલા માટે જવાબદાર લોકોને ન્યાય સમક્ષ લાવવા જોઈએ. તેમણે આતંકવાદ સામે ઝીરો-ટોલરન્સ અભિગમ અપનાવવા હાકલ કરી હતી અને આતંકવાદી ભંડોળના નેટવર્ક અને તેમના સુરક્ષિત આશ્રયસ્થાનોને નષ્ટ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આજનું પંચાંગ

તા. 12/07/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિ: વદ: તેરસ: 22:32, પ્રદોષ- શિવરાત્રી
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 21
યોગ : વૃધ્ધિ **કરણ:** ગર
નક્ષત્ર : રોહિણી: 29:42
રાશિ : વૃષભ (બ,વ,ઉ) 19:08 પછી મિથુન (ક,છ,ઘ) **દિવસ :** અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:54
પારસી વર્ષ : 1395 સ્પેંદરમદ માસનો 02જો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
રાહુકાળ: સાંજે : 16:30 થી 18:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ઘરમાં આનંદ ઉત્સવ જેવું વાતાવરણ રહે. અટકેલા કામ અને નાણા છૂટા થઈ શકે ખર્ચા વધશે.
વૃષભ (બ,વ,ઉ,): આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. પ્રવાસમાં મિલન મુલાકાત થાય. દાંપત્યમાં અશાંતિ રહે.
મિથુન (ક,છ,ઘ,): જીવનસાથી સાથે સામાજિક કામ થાય. પરિવારની ચિંતા સતાવે. આર્થિક વ્યવહાર બાબતે સાવધાન રહેવું.
કર્ક (ડ,હ,): ઊંમરલાયકના વિવાહનો પ્રસ્તાવ આવે. નાના ભાઈ બહેનોના કામમાં મદદરૂપ બનશો. મનોરંજક થાય.
સિંહ (મ,ટ,): અચાનક સફળતા મળે. સંપત્તિના સોદા થઈ શકે છે. સામાજીક કામમાં અપયશ મળે. ગુપ્ત ભય રહે.
કન્યા (પ,ઠ,ણ,): પાર્ટી-પિકનીક અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. બૌદ્ધિક કાર્ય કે ઈન્ટરવ્યુમાં સફળતા મળે.
તુલા (ર,ત,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે. અણગમતા સમાચાર મળે. લૂંટ-ફાટથી સાવધાન.
વૃશ્ચિક (ન,ય,): પરિવારમાં આનંદ રહે. અચ